22 નવેમ્બર 2023

# ટોઈંગ અને સ્ટૉરેજ ઉદ્યોગ અંગે ન્યુ ઓન્ટારિયો પ્રોવિંશ્યલના ફેરફારો

બ્રૅમ્પટન, ઓન્ટારિઓ – 01 જાન્યુઆરી 2024ના રોજથી, સિટી ઓફ બ્રૅમ્પટન બ્રૅમ્પટન ખાતે ટોઈંગ અને સ્ટોરેજ ઉદ્યોગ પર દેખરેખ બંધ કરશે. આ ભૂમિકા પરિવહન મંત્રાલય (MTO)ના શિરે રહેશે અને તે મિનિસ્ટ્રી ઓફ ટ્રાન્સપોર્ટેશનના નવા ટોઈંગ એન્ડ સ્ટોરેજ સેફ્ટી એન્ફોર્સમેન્ટ ઍક્ટ (TSSEA)નો અમલ આખા પ્રોવિન્સમાં કરશે.

TSSEA દ્વારા ટોઈંગ અને વેહિકલ સ્ટૉરેજ સેક્ટર માટે પ્રોવિશ્યલ માળખું સ્થાપિત કરવામાં આવ્યું છે જે અગાઉની મ્યુનિસિપલ દેખરેખની અવેજીમાં છે.

## 01 જાન્યુઆરી 2024થી અમલ

- ઓપરેટરો અને ટો ટ્રક ડ્રાઈવરોએ હવે માત્ર પ્રોવિંશ્યલ પ્રશાસનનું અનુપાલન કરવાનું રહેશે.
- જાન્યુઆરી અને માર્ચ 2024 વચ્ચે ઈમેલ towing@ontario.ca દ્વારા ટો ટ્રક અને સ્ટોરેજ ઉલ્લંઘનો અંગેની ફરિયાદો પ્રોવિંસ ઓફ ઓન્ટારિયોને રજૂ કરવાની રહેશે.

## શું બદલાઈ રહ્યું છે

**01 જાન્યુઆરી 2024**: ઉદ્યોગને વ્યવસાયિક ઓપ આપવા માટે ગ્રાહક સુરક્ષા અને પ્રેક્ટિસના ધોરણો સહિતની નવી પ્રાંતીય TSSEAની જરૂરિયાતો. TSSEAના અમલીકરણનો પ્રારંભ થાય ત્યારે ટો ઓપરેટરો અને વેહિકલ સ્ટોરેજ ઓપરેટરોએ ઓપરેટ કરવા માટે પ્રોવિંશ્યલ પ્રમાણપત્ર ધરાવવાની આવશ્યકતા રહેશે.

**01 જુલાઈ 2024:** ટો ટ્રક ચલાવવા માટે ટો ટ્રકના ડ્રાઈવરો પાસે પ્રોવિંશ્યલ પ્રમાણપત્ર હોવું જ જોઈશે.
TSSEA માટે આવશ્યક છે કે ટો ઓપરેટરો, ટો ટ્રક ડ્રાઈવરો અને વેહિકલ સ્ટૉરેજ ઓપરેટરો પાસે પ્રચાલન માટે પ્રોવિંશ્યલ પ્રમાણપત્ર ધરાવે.

ઉદ્યોગ પંજીકરણને પ્રોત્સાહિત કરવા માટે તમામ પ્રમાણપત્ર પ્રકારો માટે 01 જુલાઈ 2024 સુધી કોઈ શુલ્ક લેવામાં આવશે નહીં. જે ટો ડ્રાઈવરો વેહેલી અરજી કરશે તેમને જરૂરી તાલીમ મેળવવા માટે વધારાના ત્રણ વર્ષનો સમયગાળો મળશે (પ્રમાણપત્ર રિન્યુ કરવા માટે તાલીમ પૂર્ણ કરવી આવશ્યક રહેશે જેની જરૂર પ્રમાણપત્ર આપ્યાના ત્રણ વર્ષ પછી રહેશે).

જુલાઈ 2024થી અમલી, નીચે મુજબના પ્રમાણપત્ર શુલ્કો લાગુ થશે:

- ટો ઓપરેટર પ્રમાણપત્ર માટે વર્ષ દીઠ $575
- ટો ડ્રાઈવર પ્રમાણપત્ર માટે દર ત્રણ વર્ષે $195 અને
- વેહિકલ સ્ટોરેજ પ્રમાણપત્ર માટે વર્ષ દીઠ $575.

અદ્યતન કરેલ ફરિયાદ પ્રક્રિયા અનુસાર પ્રોવિંસ માર્ચમાં વધુ વિગતો પૂરી પાડશે. વધુ જાણકારી માટેwww.ontario.ca ની મુલાકાત લો.

-30

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સિટી ઓફ્ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca